વિકલાંગ કલ્યાણ યોજનાઓનો લાભ આપવા માટે વિકલાંગતાની ટકાવારી દર્શાવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ.
ઠરાવ ક્ર- અપગ/૧૦૨૦૧૧/૮૫૭૮૮/છ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨/૯/૨૦૧૬.

<u>વંચાણે લીધા :-</u>

(૧) આ વિભાગના તા.૯/૭/૬૫ના ઠરાવ ક્ર- ઈડીડી/૧૨૩૪/૪૭૬૩૨/છ
(૨) આ વિભાગના તા.૨૨/૯/૨૦૦૦ના ઠરાવ ક્ર- અપગ/૧૦૨૦૦૦/ન.બા.-૪/છ અને સરખા ક્રમાંકનો સુધારા ઠરાવ, તા.૧૯/૧૨/૨૦૦૩
(૩) આ વિભાગના તા.૩૧/૭/૨૦૦૯ના ઠરાવ ક્ર- અપગ/૧૦૨૦૦૯/૨૧૬/છ-૧
(૪) આ વિભાગના તા.૧/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્ર- અપગ/૧૦૨૦૦૬/ન.બા.-૧૬(૧)/છ-૧
(૫) આ વિભાગના તા. ૧૦/૨/૨૦૧૫ના પરિપત્ર ક્ર- અપગ/૧૦૨૦૧૩/૮૧૬૪૭૭/છ-૧
(૬) ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયની તા.૧ જુન, ૨૦૦૧ ની અધિસૂચના
(૭)નિયા.શ્રી,સ.સુ.ની કચેરીનો તા.૫/૨/૧૬નો પત્ર ક્ર.-અપગ/વિક.યોજનાઓ/૧૫-૧૬/૧૭

<u>ઠરાવ :-</u>

વિકલાંગોને શિષ્યવૃત્તિની યોજના ગુજરાત સરકાર, શિક્ષણ અને મજુર ખાતું, સચિવાલય, અમદાવાદના ઠરાવ ક્ર. ઇ.ડી.ડી./૧૨૩૪/૪૭૬૩૨/છ, તા. ૯/૭/૧૯૬૫ થી અમલમાં છે. રાજયમાં ઇન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન અને સંત સુરદાસ સહાય યોજના તીવ્ર વિકલાંગતા ધરાવતા (૭૫ ટકા વિકલાંગતા ધરાવતા) અને ગરીબી રેખા હેઠળના લાભાર્થી જેટલી આવક મર્યાદા ધરાવતા વિકલાંગ લાભાર્થીઓ, જેઓની વય ૦ થી ૬૪ વર્ષની હોય, તેવા વ્યકિતઓ માટે રૂ.૪૦૦/- ની આર્થિક સહાય આપવાની યોજના આ વિભાગના તા.૨૨/૯/૨૦૦૦ ના ઠરાવ ન.અપગ/૧૦૨૦૦૦/ન.બા.૪/છ (અને સુધારા ઠરાવ નં.અપગ/૧૦૨૦૦૦/ન.બા.૪/છ.૧, તા.૧૯/૧૨/૦૩) અન્વયે અમલમાં મુકાયેલ છે.

૨. ઇન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન અને સંત સુરદાસ સહાય યોજના હેઠળ વિભાગના ઠરાવ ક્ર.અપગ/૧૦૨૦૦૯/૨૧૬/છ.૧, તા.૩૧/૭/૨૦૦૯ ના ઠરાવ અન્વયે ૮૦ ટકા

કે તેથી વધુ તીવ્ર વિકલાંગતા ધરાવતા વિકલાંગો તથા બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ૧૮ થી ૭૯ વર્ષની વય ધરાવતા વિકલાંગોને માસિક રૂ.૬૦૦/- ચુકવવામાં આવે છે.જયારે અગાઉના જુના લાભાર્થીઓને રૂ.૪૦૦/- ની સહાય ચુકવવામાં આવે છે.

3. વિકલાંગ શિષ્યવૃતિની યોજનામાં વિકલાંગતાની ટકાવારી ૪૦ ટકા કે તેથી વધુ હોય તો વિભાગના તા.૧/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્ર.અપગ/૧૦૨૦૦૬/ન.બા.૧૬(૧)/છ.૧ થી વિકલાંગોને શિષ્યવૃતિ ચુકવવામાં આવે છે.

૪. ઉપરોકત બન્ને યોજનાઓમાં વિકલાંગતાની ટકાવારી ધ્યાને લઇ યોજનાઓનો લાભ આપવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. પરંતુ દ્રષ્ટિવિષયક, મૂક બધિરની ટકાવારીનો કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આથી ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયની તા.૧ જુન, ૨૦૦૧ ની અધિસૂચના મુજબ, નીચે મુજબ વિકલાંગતાની ટકાવારી દર્શાવવી જરૂરી હોઈ, તે મુજબની સૂચનાઓ બહાર પાડવા નિયામકશ્રી, સ.સુ. ની કચેરીએ ઉપર ક્રમ-(૭) સામે વંચાણે લીધેલ તા.૫/૨/૨૦૧૬ના પત્રથી દરખાસ્ત રજુ કરેલ, જે વિચારણા હેઠળ હતી.

૫. જેમાં પુખ્ત વિચારણાના અંતે નીચે પત્રકમાં દર્શાવ્યા મુજબ શિષ્યવૃત્તિ અને સંત સુરદાસ યોજના માટે ટકાવારી ગણવાનું આથી ઠરાવવામાં આવે છે :-

| વિકલાંગતાનો પ્રકાર | વિકલાંગતાની શ્રેણી | વિકલાંગતાની ટકાવારી | યોજનાનું નામ |
|---|---|---|---|
| અસ્થિવિષયક વિકલાંગતા | - | ૪૦ ટકા કે તેથી વધુ (વિકલાંગ શિષ્યવૃત્તિ માટે) | શિષ્યવૃત્તિ |
| | | ૮૦ ટકા કે તેથી વધુ (સંત સુરદાસ સહાય માટે) | સંત સુરદાસ |
| દ્રષ્ટિવિષયક | ૬/૬૦ અથવા ૨૦/૨૦૦ થી વધુ ન હોય | ૮૦ ટકા કે તેથી વધુ અંધત્વ | સંત સુરદાસ તથા શિષ્યવૃત્તિ |

| | | | |
|---|---|---|---|
| મૂક બધિર | ૭૧ ડેસીબલ કે તેથી વધુ | ૭૧ થી ૧૦૦ ટકા | સંત સુરદાસ તથા શિષ્યવૃત્તિ |
| માનસિક પડકારીતા (મંદબુધ્ધિ) | ૩૫-૪૪ બુધ્ધિઆંક | ૮૦ ટકા કે તેથી વધુ (સંત સુરદાસ સહાય માટે) | સંત સુરદાસ |
| | ૫૦-૭૦ બુધ્ધિઆંક | ૫૦ ટકા | શિષ્યવૃત્તિ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ભરત એમ. છત્રાલા)
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિ. વિભાગ.

પ્રતિ,

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ,બ્લોક નં.-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં.-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૩) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ,(નિયામકશ્રી, સ.સુ.ની કચેરી મારફત)

(૪) અધિક નિયામકશ્રી,
કમિશ્નરશ્રીની કચેરી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(તબીબી વિભાગ), બ્લોક નં.-૫/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર...આપના તાબાની આ કામગીરી સાથે સંકળાયેલ સબંધિત કચેરીઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે.

(૫) આ વિભાગની સર્વે શાખાઓ

(૬) સે.અ.શ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજીક ન્યાય અને અધિ. વિભાગ, સચિવાલય...વિભાગની વેબસાઈટમાં છ-૧ / શાખાના ઠરાવ / પરિપત્રોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે.

(૭) માસ્ટેક, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર...સોફ્ટવેરમાં તાત્કાલિક ઉપર મુજબનો સુધારો કરીને જરૂરી કાર્યવાહી કરવા સારૂં.

(૮) સીલેક્ટ ફાઈલ.